# <u>પ્રકરણ ૪</u>

# <u>અભ્યાસકીય લોકપ્રિય નવલકથાઓનો</u>

# <u>તુલનાત્મક અભ્યાસ</u>

## પ્રકરણ : ૪ : અભ્યાસકીય લોકપ્રિય નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ

ગુજરાતી સાહિત્યક્ષેત્રે ગુજરાતી નવલકથાઓની વિકાસરેખા જોતા ખ્યાલ આવે છે કે આ નવલકથામાં લોકપ્રિયતાના તત્ત્વોનું વર્ગીકરણ ધીમે-ધીમે સ્પષ્ટતા તરફ વધ્યું અને સાહિત્યક્ષેત્રમાં પણ લોકપ્રિય સાહિત્ય અને શિષ્ટ સાહિત્યમાં ક્યારેક સામ્યતા તો ક્યારેક ભેદ જોતા તેને એક અલગ માળખામાં મૂકવામાં આવ્યા. આખરે લોકપ્રિય નવલકથાઓના લેખકે અલગ ઉદ્દેશ્ય સાથે ફક્ત લોકોને ધ્યાનમાં રાખી નવલકથાઓ લખવાનું શરૂ કર્યું જેમાંની કેટલીક પસંદ કરેલી નવલકથાઓનો આ શોધનિબંધમાં લોકપ્રિય નવલકથા તરીકે અભ્યાસ કરવામાં આવ્યો છે. પસંદ કરેલી આ અભ્યાસકીય લોકપ્રિય નવલકથાઓને લોકપ્રિયતાના તત્ત્વોને આધારે મૂલવવામાં આવી છે. આ નવલકથાઓનું જુદાપણું, તેમાં રહેલી સામ્યતા, સ્થળ-કાળ પ્રમાણે વાતાવરણ, વર્ણનના ભેદ તથા ભાવકને કથા કેવી રીતે સ્પર્શે છે તેમજ ભાષાની ભિન્નતા કે સામ્યતા આગળના પ્રકરણમાં કરેલા અભ્યાસને આધારે અહીં પ્રસ્તુત છે.

પસંદ કરેલ નવલકથામાં મોટાભાગની કથાઓમાં એકસમાન લોકપ્રિય તત્ત્વો જુદી જુદી રીતે જોવા મળે છે. ખાસ તો કથાઓમાં અસામાજિક તત્ત્વો અને સમાજે ઊભા કરેલા ચિત્રો વધુ જોવા મળે છે. પરંતુ તે જુદી જુદી રીતે પ્રસ્તુત થયા છે. જેમકે 'પીળા રૂમાલની ગાંઠ', 'ઓથાર', 'અર્થ', 'શોધ-પ્રતિશોધ', '64 સમરહિલ' આ દરેક કથાઓમાં હત્યા(ખૂન)ની ઘટનાઓ નિર્દેશિત છે. ચોરી, અપહરણ, આત્મહત્યા, બળાત્કાર, ષડયંત્રો વગેરે જેવા અસામાજિક તત્ત્વો આ નવલકથાઓમાં જોવા મળ્યા છે. પરંતુ 'પીળા રૂમાલની ગાંઠ'માં અમીરઅલી સેંકડો લોકોની હત્યા એક માત્ર રૂમાલ દ્વારા જ કરી નાંખે છે. છતાય કથાના અંતે વાચકના મનમાં અમીરઅલી માટેની લાગણી અને દયા ઊપજાવવામાં લેખક સફળ રહ્યા છે. એ જ રીતે 'ઓથાર'માં ખેરાસિંહના મૃત્યુ સમયે રાજેશ્વરી દેવી અને વાચકના મનમાં તેના પ્રત્યેની ઘૃણામાં ઘટાડો થાય છે અને ખેરાસિંહ દયાપાત્ર બની શકે છે. 'શોધ-પ્રતિશોધ' કથામાં રંગરાજનના નાના ભાઈ તથા એક ઓફિસરનું કાર અકસ્માતમાં રહસ્યમય ખૂન નિર્દેશિત છે. પરંતુ આતંકવાદીઓનો હુમલો અને ઇન્દ્રદેવના જીવનની આગવી કથા રજૂ કરી કથામાં થયેલ હત્યાઓના કારણ અને પ્રકાર બંને જુદા તરી આવે છે. 'ગ્રહણરાત્રી'માં નંદલાલની મિલકત અને કિસનની બદલાની ભાવના નંદલાલના ખુનથી આત્મહત્યા સુધીની રોમાંચક યાત્રા કરાવે

છે. 'ઓથાર'માં તો ઐતિહાસિક સામગ્રી દ્વારા કલ્પનાના બળે લેખકે યુદ્ધની પરિસ્થિતિ સર્જીને હત્યાઓની ઘટનાઓ આલેખી છે. 'અર્થ' નવલકથામાં પણ લિપીનું અપહરણ અને મિલકત પાછળનો ઉદ્દેશ્ય અર્થના દાદા મિ.માથુર, ચાચી વગેરેની હત્યાનું કારણ બને છે. '૬૪ સમરહિલ' કથામાં તિબેટનો સંઘર્ષમય અને રોચક પ્રવાસ તેમજ ભારતના જ્ઞાનના ભંડારને ભારત પાછો લાવવાની હૃદયસ્પર્શી બાબત અને તેને કારણે કે.સી., ઇન્સ્પેક્ટર રાઘવ માહિયા, દુબળી વગેરે પાત્રોની કરુણ હત્યાઓ હૃદય હચમચાવી  મૂકે છે. આમ, ખૂન-હત્યાના તત્ત્વો સામાન્ય રીતે આ લોકપ્રિય કથાઓમાં સમાન જોવા મળ્યા છે. પરંતુ કથાને રજૂ કરવાની પદ્ધતિ, વિષયવસ્તુ, કારણો અને જે-તે સમય તથા તે વખતના ઇતિહાસને કારણે દરેક કથા પોતાની પ્રસ્તુત કરવાની પદ્ધતિ માટે એક આગવી ઓળખ ધરાવે છે અને રોચકતામાં વધારો કરે છે.

કથામાં ખૂન-મારામારીના દ્રશ્યોને સામાન્ય દ્રશ્યો તરીકે ઊપજાવવામાં આવે તો ભાવક સામાન્ય(હળવી) રીતે તેને વાંચી શકે. પરંતુ અમુકવાર એવા ઘાતકી કૃત્યો વર્ણવવામાં આવતા હોય કે શરીરમાં કંપારી છૂટી જાય, ભોજન સમય હોય તો કોળ ગળેથી નીચે ન ઊતરે ને નિંદ્રા સમય હોય તો નિંદર ન આવે. કથામાં વાંચેલ વર્ણન કલ્પિત ચિત્ર બની આંખ સામે ઘૂમરાયા કરે. આવા અતિશય ઘાતકી કૃત્યો 'ઓથાર'માં અને 'પીળા રૂમાલની ગાંઠ'માં મળી આવે છે. 'ઓથાર'માં અંગ્રેજોએ કરેલી રામસતિયાની દયનીય હાલત અને 'પીળા રૂમાલની ગાંઠ'માં  ગફૂરખાએ એક વૃદ્ધની કરેલી કફોડી હાલત સામાન્ય રીતે માણસાઇની હદ વટાવી નાખે છે. 'શોધ-પ્રતિશોધ'માં ચાકોના પગ કપાયાની ઘટના પણ અરેરાટી ઉપજાવે તેવી છે.

'અર્થ', 'ઓથાર' અને 'પીળા રૂમાલની ગાંઠ'માં બળાત્કારની ઘટનાઓ દર્શિત છે. 'ઓથાર'નો ખેરાસિંહ અને 'પીળા રૂમાલની ગાંઠ'માં ગણેશા હવસખોર પાત્રોમાં સામ્યતા ધરાવે છે. ખેરાસિંહ બળજબરીથી સેનાને ચુંબન કરે છે, આલિંગન કરે છે. જીના સાથે પણ અત્યંત અભદ્ર વ્યવહાર કરી તેનો બળાત્કાર કરવાના પ્રયત્નો કરે છે. ગણેશાથી તો ગોરી ચામડી જોઈને રહેવાતું જ નથી. તે મૃત સ્ત્રીઓ સાથે પણ પોતાના હવસની ભૂખી સંતોષવાનો પ્રયત્ન કરે છે. 'અર્થ'માં આખીય કથામાં પાક રહી શકેલી લિપી અંતે મિ.માથુર દ્વારા બળાત્કારનો ભોગ બને છે. જેના કારણે લિપી આત્મહત્યાનું પગલું ભરી પોતાનું જીવન ટુંકાવે છે. 'સાત પગલા આકાશમાં'માં બળાત્કારની ઘટના આલેખી છે પરંતુ

તે એક સામાજિક મુદ્દા તરીકે બહાર આવે છે અને વિરોધ દર્શિત પ્રદર્શન દ્વારા અલગ તરી આવે છે. જેમાં સુમિત્રા પોતાનો જીવ પણ ગુમાવે છે.

સંઘર્ષનું તત્ત્વ પણ અતિસામાન્ય રીતે કથાઓમાં જોવા મળેલ છે. જેમાં મુખ્ય પાત્ર નિમિત્તે એક સામાન્ય સામ્યતા જોવા મળે છે. 'ઓથાર' કથાનો નાયક સેજલસિંહ, 'શોધ-પ્રતિશોધ' કથાનો નાયક આકાશ જરીવાલા, '૬૪ સમરહિલ'ના મુખ્ય પાત્રો દુબળી કે છપ્પનસિંહ, 'ગ્રહણરાત્રી' કથાનું મુખ્ય પાત્ર કિસન અને 'પીળા રૂમાલની ગાંઠ' કથાનો નાયક અમીરઅલી. - આ બધાં જ પાત્રો પોતાના રહેઠાણથી દૂર રહીને, પોતાની ઓળખથી દુર રહીને બહારના જગતમાં એક અલગ સંઘર્ષમય જીવન જીવે છે. અલબત્ત ગૃહત્યાગ કરવાના કારણો અને લક્ષ્ય જુદાજુદા છે. પરંતુ તેમના સંઘર્ષ વાચકના હ્રદયમાં કરુણાતાના ભાવ જન્માવે છે. જેને કારણે ભાવક પાત્ર સાથે ભાવ(લાગણી)થી જોડાઈ જાય છે.

સેજલસિંહ એશો-આરામ, દોલત-શોહરત વાળું જીવન અને મહેલ જેવું ઘર ત્યાગીને, પોતાના પ્રેમ, પોતાના બાળકોથી વંચિત રહીને એક કદરૂપા ચહેરા સાથે રજળપાટ કરે છે. અમીરઅલી ઠગના ધંધાને કારણે યાત્રાળુઓના શિકારની શોધમાં જ પોતાનું જીવન વ્યર્થ કરે છે. આખરે તો જેલના ચાર સળિયામાં જીવનના અંતિમ દિવસો પસાર કરે છે. આકાશ જરીવાલા ઘરેલું કકળાટને કારણે ગૃહત્યાગ કરે છે અને ૪૦૦ જેટલી કંપનીનો માલિક હોવા છતા એક સામાન્ય નોકરી કરી જીવન જીવી રહ્યો છે પરંતુ આ જીવન અને સંઘર્ષ તેને સુખાન્ત તરફ લઈ જાય છે. કિશન ઊર્ફે મુકુંદ તેના સ્વજનોથી દૂર રહીને નંદલાલનો નોકર બનીને રહે છે. નંદલાલને મોતને ઘાટ ઉતારવાની તેની બદલાની ભાવનાને કારણે તે ખૂબ માનસિક સંઘર્ષમાંથી પસાર થાય છે. 'અર્થ' કથાનો નાયક અર્થ પણ કંટાળીને એકવાર તો હરિદ્વાર શાંતિની શોધમાં નીકળી પડે છે. પરંતુ એ પરત ફરે છે. 'સાત પગલા આકાશમાં'ની નાયિકા વસુધા પણ ગૃહત્યાગ કરે છે. જોકે તેની વસ્તુસ્થિતિમાં થોડો ભેદ રહેલો છે. તે પોતાના જ ઘરમાં સંઘર્ષમય જીવન જીવે છે અને ગૃહત્યાગ પછી આનંદભર્યું જીવન જીવે છે. '૬૪ સમરહિલ'માં તો તિબેટ પ્રવાસીઓ બધા જ પોતાનું ખરું જીવન ખરી ઓળખ છોડી, ભારતના જ્ઞાનના વારસાને પાછો લાવવા સંઘર્ષમય પ્રવાસને સ્વીકારે છે.

આ કથાઓમાં સ્વૈચ્છિક રીતે કે બિનસ્વૈચ્છિક રીતે ગૃહત્યાગ કરતાં પાત્રો જોવા મળ્યા છે અને શારીરિક તથા માનસિક સંઘર્ષમાંથી પસાર થયા છે.

પસંદ કરેલી બધી જ કથામાં વધતા-ઓછા અંશે પ્રણયનું તત્ત્વ ખાસ જોવા મળે છે. ‘ઓથાર’માં સેજલ અને સેનાનો પ્રણય તેમાંય સેજલ તરફથી સેના માટેનો સાવ ગાંડો પ્રેમ જોવા મળે છે. ‘પીળા રૂમાલની ગાંઠ’માં અમીર અલીને જોહરા અને અઝીમાં બન્ને સાથે પ્રેમ થયો છે. તથા બાળપણની મિત્ર ગુલુ પછી રોશન માટેનું આકર્ષણ પણ નોંધનીય છે. ‘મીરાંની રહી મહેક’માં પતિ-પત્ની વચ્ચેનો અદ્‌ભુત પ્રેમ નિર્દેશિત છે. તો ‘અર્થ’માં પણ લિપી અદશ્ય રૂપે હોવા છતા પણ અર્થનો તેના માટેનો પ્રેમ અને ચિંતા ઊભરી આવે છે. ‘ગ્રહણરાત્રી’માં કિસન અને રૂપાનો પ્રેમ તથા ‘સાત પગલા આકાશમાં’માં વસુધાનો આદિત્ય માટેનો આંતરિક પ્રેમ નજરે પડે છે. ‘કૃષ્ણાયન’માં તો પ્રણયભર્યાં આંતરસંબંધોના તાણાવાણા દ્વારા પ્રણય સંબંધનો જાણે ખરો અર્થ રજૂ થાય છે.

કથામાં બીજી એક સામ્યતા એ જણાઇ છે કે વ્યક્તિ ગમે તેટલો સાચો અને પાક્ પ્રેમ કરે(મોટાભાગે) શારીરિક આકર્ષણ તેને ફક્ત પ્રેમ પ્રત્યે બંધાવા દેતું નથી. અન્ય પુરુષ કે અન્ય સ્ત્રી સાથેના આડસંબંધો આ કથાઓમાં ઉલ્લેખિત છે. જોકે મોટાભાગે આ બાબત વાસ્તવિક પણ છે. ‘સાત પગલા આકાશમાં’ વસુધા તેના પતિના કહ્યા  પ્રમાણે રહી હોવા છતાં તેનો પતિ કોઈ અન્ય સ્ત્રી સાથે સંબંધ બાંધે છે. ‘પીળા રૂમાલની ગાંઠ’માં   અમીર અલી ગુલુ, રોશન, જોહરા, અઝીમાં સાથે જોડાય છે. તે કોઈ એક સ્ત્રીના પ્રેમમાં કે વિરહની વેદનામાં જીવન પસાર કરી શકતો નથી. ‘ઓથાર’માં તો સેજલસિંહ લગ્ન ગ્રેઇસ સાથે કરે છે પરંતુ તેની પાછળનું કારણ શારીરિક આકર્ષણ અને રાજનીતિ છે. ગાંડો પ્રેમ તે સેનાને કરે છે અને છતાંય જીના સાથે આકર્ષણની અનુભૂતિ કરે છે. ‘અર્થ’ અને ‘શોધ-પ્રતિશોધ’માં તો લેખક જાણે નાયકને રસ્તો કરી આપે છે. અર્થ લિપીના  પ્રેમમાં છે પરંતુ તેની શોધખોળમાં  થોડો ઘણો કંટાળો પણ અનુભવે છે. મિતાલી અર્થમાં રસ લે તે તેને ગમે છે  અને કથાન્તે લિપીનું મૃત્યુ બંનેના મિલનનું કારણ બને છે. એ જ રીતે પત્ની માનસીને કારણે ગૃહત્યાગ કરી નીકળી પડેલ આકાશ વસુધા માટે ઝુકાવ અને આકર્ષણ અનુભવે છે. માનસીનું પ્લેન અકસ્માતમાં મૃત્યુ બંનેના મિલનનું કારણ બને છે. ‘કૃષ્ણાયન’માં તો રાધા, રુક્મિણી અને દ્રૌપદી ત્રણેય કૃષ્ણને મનથી વરી ચુકી છે. જોકે કૃષ્ણના શબ્દોની માયાજાળ તેમની આ પ્રણયકથાને વધુ રોચક બનાવે છે. ‘૬૪ સમરહિલ’ આ બાબતે થોડી અલગ ફંટાય છે. હિરનનો દેખાવ તેની ચપળતા બહાદુરી જોઈને ડો. ત્વરિત અને રાઘવ માહિયા ક્ષણિક અંજાઈ જાય છે પરંતુ આ કથામાં મુખ્ય ધ્યેયને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે તેથી પાત્રો પણ મનને કાબૂમાં રાખતા નિર્દેશિત છે.

કથામાં જાજરમાન સ્ત્રી પાત્રોમાં 'ઓથાર'ના રાજેશ્વરીદેવી તથા 'શોધ-પ્રતિશોધ'માં લીલાવતીનું પાત્ર સામ્યતા ધરાવે છે. બંને સ્ત્રીઓ ઘર અને વ્યાપારિક ક્ષેત્રે અવ્વલ રહી છે. તથા પોતાનો અલગ ઠસ્સો કથામાં  પ્રસ્થાપિત કરી શકે છે. 'ઓથાર'માં સેના તથા '૬૪ સમરહિલ'માં હિરનનું પાત્ર પણ સક્ષમ, મજબુત અને પોતાના લક્ષ્યને સિદ્ધ કરવા અંત સુધી હાર માન્યા વગર મૃત્યુને હથેળીમાં રાખીને લડનારા સ્ત્રીપાત્રો રહ્યા છે.

આમ, સામાન્ય રીતે જોવા મળતા એકસમાન લોકપ્રિયતાના આ પ્રકારના તત્ત્વો જુદી જુદી રીતે જોવા મળ્યા છે. પરંતુ પસંદ કરેલ નવલકથાઓમાં 'મીરાંની રહી મહેક', 'કૃષ્ણાયન' અને 'સાત પગલા આકાશમાં' સાવ ભિન્ન પૃષ્ઠભૂમિ ધરાવે છે. કહેવાતા લોકપ્રિય તત્ત્વો કરતા જુદા તત્ત્વોનો સમાવેશ ઉપર્યુક્ત કથામાં થયો છે. 'મીરાંની રહી મહેક' અને 'કૃષ્ણાયન' ખૂન, આત્મહત્યા, બળાત્કાર, ચોરી જેવા અસામાજીક તત્ત્વોથી પર છે. જે મોટેભાગે માનવમાં સમાવિષ્ટ લાગણી અને સંવેદનો પર આધારિત છે. 'મીરાંની રહી મહેક'માં સંઘર્ષમય, પ્રેમાળ અને સમાધાનયુક્ત દામ્પત્યજીવન આલેખિત છે. તેમજ તે સત્યકથા છે. આ વાત જાણીને વાચક વધારે લાગણીના ભાવથી કથા સાથે જોડાય છે. 'કૃષ્ણાયન'માં પતિ-પત્નીના, પ્રેમી-પ્રેમિકાના, મિત્ર સાથેના પાક્ અને પવિત્ર સંબંધ પાછળ રહેલી સાચી લાગણી, સાચી વેદના, સાચી પીડા અને એ પીડામાં પણ સુખની અનુભૂતિ નિર્દેશિત છે. એટલે એમ કહી શકાય કે આ બે કથા મનુષ્યને જુદી જુદી પરિસ્થિતિમાં પણ ખરું જીવન જીવતા શિખવાડે છે.

'સાત પગલા આકાશમાં' વિદ્રોહ અને વિરોધ જોવા મળે છે. તેમાં સામાજિક દુષણોની ભિન્ન રીતે પ્રસ્તુતિ થઈ છે. તેનો વિરોધ, સત્ય માટેની લડાઈ અને અંતે પ્રાપ્ત થતી જીત વાચકને અને ખાસ તો સ્ત્રી વાચકોને હાશકારોની અનુભૂતિ કરાવે છે. પરંતુ આવી કથા સમય પ્રમાણે બળવાન રહે છે. તેમાં નિરૂપિત મુદ્દા એ સમયમાં વધુ જોર પકડે તેવા હતા. હાલમાં પણ સ્ત્રી સમસ્યાઓ છે, પણ તેની માત્રા ઘટી છે. સક્ષમ અને મજબુત સ્ત્રીઓનું પ્રમાણ અત્યારના સમયમાં વધુ છે. જોકે, આ કથાનું સુમિત્રા નામનું પાત્ર સેના અને હિરનની હરોળમાં મૂકી શકાય તેવું છે અને કથામાં માનસિક સંઘર્ષનો મુદ્દો સામાન્ય રહેલો છે. જે અન્ય કથામાં પણ જોવા મળે છે અને વાસ્તવિક જીવનમાં પણ માનસિક સંઘર્ષ વેઠતી સ્ત્રીઓ પ્રસ્થાપિત છે.

ઐતિહાસિક સમય પ્રમાણે જોઈએ તો 'ઓથાર', 'પીળા રૂમાલની ગાંઠ', 'કૃષ્ણાયન' અને '૬૪ સમરહિલ'માં ઇતિહાસમાં ઘટેલ ઘટનાઓને કાલ્પનિક સર્જન દ્વારા આલેખવામાં આવી છે. 'ઓથાર'માં અંગ્રેજો વખતનો સમય તથા 'ભાગલા પાડો અને રાજ કરો'ની તેમની નિતીને જાનોર તથા અન્ય રાજ્યોના તંત્ર દ્વારા નિર્દેશિત કરેલ છે. 'પીળા રૂમાલની ગાંઠ'માં પણ ઐતિહાસિક સત્ય ઘટનાને લેખકે વાચા આપી છે. બસો જેટલા વર્ષ પહેલા અમીરઅલી નામના ઠગની કબૂલાતના આધારે ઠગો દ્વારા વર્તાતો કહેર લેખક વાચક સામે લઈને આવે છે. '૬૪ સમરહિલ'માં એક ચોર સાથેની વાતચીત કથા રચવા માટેની પ્રેરણા બની છે. પરંતુ તેમાં પણ વર્ષો પહેલાની ભારતની જ્ઞાનસંપત્તિ કેવી રીતે વિસરાઈ ગઈ અને હાલનું ભારત તેનાથી કેટલું વંચિત રહી ગયું એ બાબતોનો લેખક ખ્યાલ અપાવે છે. તેમ જ રાહુલ સાંકૃતેની સત્ય ઘટના જ્યારે વાચક વાંચે છે ત્યારે આશ્ચર્ય અને અફસોસના ભાવ અનુભવે છે. આમ, આ ત્રણેય કથાઓ ઐતિહાસિક સત્યને પોતાની રીતે વાચકો સમક્ષ મૂકી આપે છે.

લગભગ બધી લોકપ્રિય નવલકથાઓમાં વિસ્તૃત વર્ણન થતું હોય છે. વ્યક્તિ, વસ્તુ, સ્થળ કે ઘટનાને વિસ્તૃત રીતે આલેખવામાં આવે છે. જેથી ભાવક તેનો અનુભવ કાલ્પનિક ચિત્ર દ્વારા જ કરી શકે. 'ઓથાર' અને '૬૪ સમરહિલ'માં વર્ણન કરવાની પદ્ધતિ અદ્ભુત જણાય છે. 'ઓથાર'માં નર્મદા નદી પાસેના ભેડાઘાટનું વર્ણન અને '૬૪ સમરહિલ'માં તિબેટ અને તિબેટ પહોંચવા માટેના માર્ગનું વર્ણન ભાવકને જે-તે જગ્યાએ પહોંચાડે છે. અશ્વિની ભટ્ટ અને દ્વૈવત ત્રિવેદી જેવા લેખકોએ પોતે આ જગ્યાઓનું ભ્રમણ કર્યું છે તે સ્પષ્ટ વર્તાય છે. કથા સાવ કંટાળાજનક ન બની રહે તેથી જાતીયતાના ખૂલ્લા વર્ણનોના પ્રયત્નોમાં પણ સામ્યતા જોવા મળે છે. 'ઓથાર' કથા બે ભાગમાં વિભાજીત થયેલી વિસ્તૃત કથા છે. અંગ્રેજો વખતનો સમય, યુદ્ધ અને રાજનીતિની આ કથામાં લેખક સેજલસિંહના ગ્રેઇસ, સેના અને જીના સાથેના શારીરિક સંબંધનો ઉલ્લેખ વિસ્તૃત રીતે કરે છે. જેથી વાચકને એક અલગ મનોરંજનનો પણ આનંદ મળે છે.  'પીળા રૂમાલની ગાંઠ'માં પણ અમીરઅલીના ગુલુ, જોહરા, અઝીમા સાથેના શારીરિક સંબંધોનું ખુલ્લુ વર્ણન આલેખિત છે.  જોકે 'કૃષ્ણાયન' જેવી કથામાં આ બાબતે થોડો ભેદ જોવા મળે છે. કૃષ્ણ અને સત્યભામાની સુહાગરાતના પ્રસંગમાં લેખિકા મર્યાદા બાંધે છે.

દરેક નવલકથાની ભાષા સીધી-સાદી અને સરળ છે છતાંય ભિન્નતા જોવા મળે છે. 'સાત પગલા આકાશમાં', 'ઓથાર', 'અર્થ', 'શોધ-પ્રતિશોધ', '૬૪ સમરહિલ'માં રોજિંદા જીવનમાં વપરાતા

અંગ્રેજી ભાષાના શબ્દો તથા માતૃભાષાના વહેણમાં ક્યારેક વચ્ચે વચ્ચે ઘુસી જતા અંગ્રેજી વાક્યોનો ઉલ્લેખ જોવા મળે છે. આ ઉપરાંત સમય-સ્થળ અને ધર્મ પ્રમાણે બોલીનો પણ ઉપયોગ 'પીળા રૂમાલની ગાંઠ' અને 'ઓથાર' જેવી નવલકથાઓમાં થયો છે. 'કૃષ્ણાયન' કથા સંસ્કૃત શ્લોકોના ઉલ્લેખ દ્વારા જુદી તરી આવે છે. ઉપરાંત 'શોધ- પ્રતિશોધ'માં માનસી અને 'ગ્રહણરાત્રિ'માં પ્રભાના પતિ સાથે ઝઘડો કરતી વેળાના સંવાદો મળતા આવે છે. 'તમે સાવ ડરપોક છો.', 'તમે સાવ ઢીલા છો.', 'બાપના કૂવામાં ડૂબી મરવાની જ તમારી આવડત છે.', 'તમારે બાપની ગુલામી કરવી હોય તો કરો.' વગેરે જેવા સંવાદ માનસી અને પ્રભાના જ મુખે નહીં પરંતુ વાસ્તવિક જીવનમાં પણ કેટલેક ઠેકાણે વપરાતા હોય છે. તેથી વાચકને લેખકની વાચા(ભાષા) પોતાની લાગે છે અને વધુ ઝડપથી તે કથા સાથે જોડાઈ જાય છે. આ સિવાય ભાષામાં ફિલસુફીનું તત્ત્વ દરેક કથાના લેખકનું અને વાચકનું પ્રિય જોવા મળ્યું છે.

આમ, અભ્યાસકીય નવલકથાઓમાં કેટલીક રસપ્રદ સામ્યતાઓ જોવા મળી છે. તો કેટલાક જુદાપણું દર્શાવતા ભેદ જોવા મળ્યા છે. કથાઘટકો, પરિસ્થિતિઓ કે પુરાણ-ઈતિહાસ અંગેની બાબતો, તત્કાલીન સંદર્ભો વગેરે કથાના વિષય વસ્તુમાં સ્થળ-કાળ પ્રમાણે ભિન્ન સ્વરૂપ લઈને આવે છે. પાત્રોમાં માનવીય લાગણી, પ્રણય, ઈર્ષ્યા, રાગ-દ્વેષ જેવી બાબતોનું નિરૂપણમાં સમય પ્રમાણે તેની માત્રામાં વધ-ઘટ કરતું નજરે પડે છે. પરંતુ કથાઓમાં આ ભાવવિશ્વ હંમેશા સામ્યતા દર્શાવતું રહ્યું છે. કથાને લોકપ્રિય બનાવવા માટેના તત્વોમાં પણ સમયાંતરે પરિવર્તન જણાય છે. પરંતુ તેના કેન્દ્રમાં લોકોનું મન હતું અને રહેશે આ સામ્ય બાબત ઉપરોક્ત કથાઓ વ્યક્ત કરે છે. ક્યારેક કલ્પનાને આધારે વાસ્તવિક જગત તો ક્યારેક વાસ્તવિક જગતમાં માનવ મનની આંતરિક ઝંખનાઓ પ્રમાણેની કલ્પનાઓ દર્શાવતી આ કથાઓ પોતાનું એક સર્વસામાન્ય અલગ સ્થાન ઉભું કરે છે.